પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૧૧૪ | ૩ જુલાઈ, ૨૦૨૩, સોમવાર; અષાઢ સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# મહારાષ્ટ્રમાં પલટાઈ પાવર ગેમ

## અજિત પવાર શિંદે સરકારમાં જોડાયા, ડેપ્યુટી સીએમ બન્યા : અજિત પવારે એનસીપી ધારાસભ્યોના મોટા જૂથને તોડી નાખ્યું છે : એકનાથ શિંદેની હાજરીમાં અજિત પવાર સહિત ૯ ધારાસભ્યોના મંત્રી તરીકે શપથ



મુંબઈ, તા.૨

મહારાષ્ટ્રમાં મોટી રાજકીય ઉથલપાથલ થઈ છે. NCP નેતા અજિત પવાર બીજેપીના નેતૃત્વવાળી શિંદે સરકારમાં સામેલ થયા છે. અજિત પવારે ડેપ્યુટી સીએમ તરીકે શપથ લીધા છે. પવાર રાજ્યના બીજા ડેપ્યુટી સીએમ બન્યા છે. મહારાષ્ટ્રના રાજકારણમાં હજુ પણ ઉથલપાથલ ચાલી રહી છે. NCP નેતા છગન ભુજબળે મુખ્યમંત્રી એકનાથ શિંદેની હાજરીમાં મહારાષ્ટ્રના મંત્રી તરીકે શપથ લીધા છે.

આ બધું એટલું ઝડપથી થયું કે એવું માનવામાં આવે છે કે તે અજિત પવારના મોટા આયોજનનો એક ભાગ હતો. છેલ્લા ઘણા દિવસોથી અજિત પવાર સહિત NCP ધારાસભ્યોનો મોટો વર્ગ શરદ પવારથી નારાજ હતો. જેના કારણે મહારાષ્ટ્રના રાજકારણમાં સુપર સન્ડે અજિતે પોતાના ઘરે ધારાસભ્યોની બેઠક બોલાવી હતી. આ પછી ૫૩માંથી ૩૦ ધારાસભ્યોનું ભારે સમર્થન ધરાવતા અજીત રાજભવન પહોંચ્યા. આ સાથે સીએમ શિંદે અને દેવેન્દ્ર ફડણવીસ પણ રાજભવન પહોંચ્યા અને ત્યારબાદ અજિત પવાર સહિત ૯ મંત્રીઓએ ડેપ્યુટી સીએમ તરીકે શપથ લીધા. રાજ્યપાલ રમેશ બૈસે તેમને શપથ લેવડાવ્યા હતા. આ દરમિયાન અજીત પવારના સમર્થકોએ સૂત્રોચ્ચાર કર્યા હતા.

મહારાષ્ટ્રના નવા ડેપ્યુટી સીએમ બનેલા અજિત પવાર લગભગ ૩૦ ધારાસભ્યોના સમર્થનનો દાવો કરી રહ્યા છે. નવાઈની વાત એ છે કે શરદ પવારના ખૂબ જ નજીકના કહેવાતા પ્રફુલ પટેલ, દિલીપ વાલસે પાટીલ, છગન ભુજબળ પણ અજિત પવાર સાથે રાજભવન પહોંચ્યા હતા.

એવું કહેવામાં આવી રહ્યું છે કે જે રીતે એકનાથ શિંદેએ

● અનુસંધાન પાન-૭ પર




## NCPને ફરી ઉભી કરીને બતાવીશ : શરદ પવાર

### જે પહેલા પાર્ટીથી અલગ થયા તે ચૂંટણીમાં હાર્યા છે : આજનો દિવસ પૂરો થયો, આગળ એક નવી શરૂઆત થવાની છે : પવાર

મુંબઈ, તા.૨

નેશનલ કોંગ્રેસ પાર્ટીના નેતા અજીત પવાર રવિવારે ઉપમુખ્યમંત્રી રૂપે મહારાષ્ટ્ર સરકારમાં સામેલ થયા. તે બીજેપી નેતા દેવેન્દ્ર ફડણવીસ સાથે મળીને પદ સંભાળશે. તેમની સાથે એનસીપીના ઘણા ધારાસભ્યોએ મંત્રી પદના શપથ ગ્રહણ કર્યા છે.

તેની પહેલા અજિત પવારે મુંબઈમાં પોતાના સત્તાવાર નિવાસસ્થાને પાર્ટીના કેટલાંક નેતાઓ અને ધારાસભ્યો સાથે મુલાકાત કરી. જ્યારે એનસીપી પ્રમુખ શરદ પવારને આ બેઠક અંગે કોઈ જાણકારી ન હતી. શરદ પવારે આ મામલે કહ્યું કે, અમને જનતાનું સમર્થન છે. અમે બધું ફરીથી

● અનુસંધાન પાન-૭ પર

## અમે NCPના સિમ્બોલ પર ચૂંટણી લડીશું

### પ્રેસકોન્ફરન્સમાં અજિત પવારનો મોટો દાવો : મહારાષ્ટ્રના નાયબ મુખ્યપ્રધાન બન્યા બાદ અજિત પવારે કહ્યું કે શિંદે સરકાર મહારાષ્ટ્રના વિકાસ માટે પ્રતિબદ્ધ છે

મુંબઈ, તા.૨

મહારાષ્ટ્રના રાજકારણમાં ફરી એકવાર મોટી ઉથલપાથલ જોવા મળી છે. રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP)ના વરિષ્ઠ નેતા અજિત પવાર પાર્ટીમાં બળવો કરીને દ્રઢ્ઢછની એકનાથ શિંદે ગઠબંધન સરકારમાં જોડાયા છે. ત્યારે ડેપ્યુટી સીએમના શપથ ગ્રહણ બાદ અજિત પવારે પત્રકાર પરિસદ યોજી હતી. જેમાં તેમણે કહ્યું હતુ કે તેમણે સરકારને સમર્થન આપવાનો નિર્ણય લીધો છે. તેમજ રાજ્યના હાલાતને જોતા શિંદે સરકારમાં સામેલ થવાનો નિર્ણય કર્યો છે.

મહારાષ્ટ્રના નાયબ મુખ્યપ્રધાન બન્યા બાદ અજિત પવારે કહ્યું કે શિંદે સરકાર મહારાષ્ટ્રના વિકાસ માટે પ્રતિબદ્ધ છે. અમે વિકાસને પ્રાથમિકતા આપી છે. રાજ્યની સ્થિતિને ધ્યાનમાં રાખીને અમે આ નિર્ણય

● અનુસંધાન પાન-૭ પર

## ભારત-મ્યાનમાર-થાઈલેન્ડ હાઈવેનું ૭૦ ટકા કામ પૂર્ણ

### કેન્દ્રીય મંત્રી ગડકરીએ કરી જાહેરાત : આ ત્રણેય દેશ, લગભગ ૧,૪૦૦ કિલોમીટર લાંબા હાઈવે પર કામ કરી રહ્યા છે

નવી દિલ્હી, તા.૨

કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ, આજે રવિવારે કહ્યું કે



ભારત-મ્યાનમાર-થાઈલેન્ડમાંથી પસાર થતા મહત્વકાંક્ષી હાઈવે પ્રોજેક્ટનું ૭૦ ટકા કામ પૂર્ણ થઈ ગયું છે. અત્રે ઉલ્લેખનીય છે કે ભારત, મ્યાનમાર અને થાઈલેન્ડ આ ત્રણેય દેશ, લગભગ ૧,૪૦૦ કિલોમીટર લાંબા હાઈવે પર કામ કરી રહ્યા છે. આ હાઈવેનું કામ પૂર્ણ થવાથી દક્ષિણપૂર્વ એશિયા સાથે જોડાયેલા દેશોમાં વેપાર, આરોગ્ય, શિક્ષણ અને પ્રવાસનને વેગ મળશે.

પ્રોજેક્ટની પ્રગતિ અંગેના પ્રશ્નના જવાબમાં, રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રી નીતિન ગડકરીએ જણાવ્યું હતું કે, પ્રોજેક્ટ પર લગભગ ૭૦ ટકા કામ પૂર્ણ થઈ ગયું છે. આ હાઈવે મણિપુરના મોરેહને મ્યાનમાર થઈને થાઈલેન્ડના માએ સોટ સાથે જોડશે.

હાલમાં, મંત્રી નીતિન ગડકરીએ આ હાઈવેને ચાલુ કરવાની સમયમર્યાદા અંગે કોઈ માહિતી આપી નથી. જો આ વ્યૂહાત્મક હાઈવે પ્રોજેક્ટ વિશે વાત કરીએ તો તેમાં વિલંબ થયો છે. સરકારનું અગાઉનું લક્ષ્ય ડિસેમ્બર ૨૦૧૯ સુધીમાં તેને કાર્યરત કરવાનું હતું. જો કે હવે આ મહત્વપૂર્ણ હાઈવેને પૂર્ણ કરીને ઉપયોગમાં લેવા માટે આગામી ૨૦૨૭નું લક્ષ્યં નક્કી કરવામાં આવ્યું છે. ભારત અને મ્યાનમારમાં મોટાભાગનું કામ પૂર્ણ થઈ ગયુ છે. જે કામ બાકી રહ્યું છે તેમાંથી મોટાભાગનુ કામ થાઈલેન્ડમાં બાકી રહેવા પામ્યું છે.

૨૦૦૨માં તત્કાલિન વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીએ, થાઈલેન્ડ અને મ્યાનમાર સમક્ષ આ મહત્વપૂર્ણ

● અનુસંધાન પાન-૭ પર

## હવામાન વિભાગની ૨૫ રાજ્યો માટે વરસાદની ચેતવણી

નવી દિલ્હી, તા.૨

હવામાન વિભાગે લગભગ ૨૫ રાજ્યો માટે વરસાદની ચેતવણી જારી કરી છે. જેમાં કેટલાક રાજ્યો એવા છે જ્યાં ભયંકર વરસાદ જોવા મળી શકે છે. તે જ સમયે, કેટલાક રાજ્યો એવા છે જ્યાં મધ્યમથી હળવા વરસાદની સંભાવના છે. જે રાજ્યો માટે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે તેમાં દિલ્હી, યુપી, ઉત્તરાખંડ, પંજાબ, હિમાચલ પ્રદેશ, બિહાર, ઝારખંડનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત ગુજરાત, રાજસ્થાન, ગોવા, કર્ણાટક, પશ્ચિમ બંગાળ, સિક્કિમ, આસામ, મેઘાલય, આંદામાન-નિકોબાર, તમિલનાડુ, કેરળ, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, ઓડિશા, આંધ્રપ્રદેશ, તમિલનાડુ, કર્ણાટક, તેલંગાણા માટે પણ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આ આગાહી મુજબ બિપોરજોયા વાવાઝોડા બાદ હવે બીજું મોટું સકંટ તોળાઈ રહ્યું છે. ભારે વરસાદથી ગુજરાતમાં તબાહી મચી શકે છે.

## શ્રીલંકાએ ઝિમ્બાબ્વેને હરાવી વર્લ્ડકપમાં જગ્યા બનાવી લીધી

બુલાવાયો, તા.૨

શ્રીલંકાએ ભારતમાં રમાનાર વનડે વિશ્વકપ માટે પોતાની જગ્યા પાક્કી કરી લીધી છે. શ્રીલંકાએ વિશ્વકપ ક્વોલિફાયરના એક મુકાબલામાં ઝિમ્બાબ્વેને હરાવી આ સિદ્ધિ મેળવી છે. બુલાવાયોમાં રમાયેલા મુકાબલામાં શ્રીલંકાને જીત માટે ૧૬૬ રનનો ટાર્ગેટ મળ્યો હતો, તેણે ૧ વિકેટ ગુમાવી ૩૩.૧ ઓવરમાં હાસિલ કરી લીધો હતો.

શ્રીલંકાની જીતમાં ઓપનર પથુમ નિશંકાએ મહત્વની ભૂમિકા ભજવતા અણનમ સદી ફટકારી હતી. પથુમે ૧૦૨ બોલનો સામનો કરતા અણનમ ૧૦૧ રન બનાવ્યા હતા.

## માયાવતીએ યુનિફોર્મ સિવિલ કોડનું સમર્થન કર્યું

### વિપક્ષ UCCનો વિરોધ કરી રહ્યું છે : માયાવતીએ પ્રેસ કોન્ફરન્સ કરીને કહ્યું કે, યૂસીસી લાગૂ થવાથી દેશ મજબૂત થશે અને ભારતીય એકજૂટ થશે

નવી દિલ્હી, તા.૨

વિપક્ષ સતત સમાન નાગરિક સંહિતા UCCનો વિરોધ કરી રહ્યું છે. આ દરમ્યાન બીએસપી સુપ્રીમો માયાવતીએ સમાન નાગરિક સંહિતાના સપોર્ટમા આગળ આવીને વિપક્ષને ઝટકો આપ્યો છે.

માયાવતીએ પ્રેસ કોન્ફ્રેન્સ કરીને કહ્યું કે, યૂસીસી લાગૂ થવાથી દેશ મજબૂત થશે અને ભારતીય એકજૂટ થશે. તેનાથી લોકોમાં ભાઈચારાની ભાવના પણ વિકસિત થશે. સાથે જ માયાવતીએ એવું પણ કહ્યું કે, યૂસીસીને જબરદસ્તી લાગૂ કરવું ઠીક નથી, આ મુદ્દાનું રાજનીતિકરણ કરવાથી સમસ્યાઓ




આવશે. સરકારે હાલમાં મોંઘવારી, બેરોજગારી, શિક્ષણ અને સ્વાસ્થ્ય સેવા જેવા મહત્વના મુદ્દા પર ધ્યાન આપવું જોઈએ.

બીએસપી સુપ્રીમો માયાવતીએ કહ્યું કે, અમારી પાર્ટી યૂસીસીને લાગૂ કરવાની વિરુદ્ધમાં નથી, પણ જેવી રીતે ભાજપ દેશમાં સમાન નાગરિક સંહિતા લાગૂ કરવાની કોશિશ કરી રહી છે, અમે તેનો સપોર્ટ નહીં કરીએ. આ મુદ્દાનું રાજનીતિકરણ કરવું અને જબરદસ્તી યૂસીસીને દેશમાં લાગૂ કરવું ઠીક નથી.

બહુજન સમાજ પાર્ટીના ચીફ માયાવતીએ કહ્યું કે, સંવિધાનની કલમ ૪૪માં UCC

● અનુસંધાન પાન-૭ પર

॥ શ્રી ગોદડી પ્રસન્નઃ ॥





ગુરૂપૂર્ણિમા મહોત્સવ

તા. ૦૩-૦૭-૨૦૨૩ ને સોમવાર

ત્રિદેશીય શક્તિ ધરાવતા સમર્થશ્રી પ્રાગદાસ બાપા ગોદડીયા જેમણે સામાજીક ક્ષેત્રે ઉચ્ચતમ કક્ષાએ પહોંચવાની સર્વાંગી વિકાસની તકોનો ત્યાગ કરી યુવાન વયે ભારતીય સંસ્કૃતિના દર્શનાર્થે આધાત્મિક મહામાર્ગ પંથી બની સનાતન ધર્મને માધ્યમ બનાવી અનેકનાં જીવનમાં આધ્યાત્મના અજવાળા પાથરનાર બન્યા તથા સ્વાતંત્ર્ય સેનાની, પારદર્શક અને નિરાળું વ્યક્તિત્વ, મસ્તફકીર, જેણે સેવ્યા તેના માટે પારસમણિ, સમાજને બેઠો કરવા જીવનપર્યંત કાર્યરત, શિક્ષણ-સેવા-સંસ્કાર સદાવ્રતના સંચાલક, નોધારાના આધાર, તરસ્યાની પરબ એવા પરમ પૂજ્ય પ્રાગદાસ બાપાના ચરણોમાં કોટી કોટી વંદન.



એન.પી. પટેલ - મેનેજીંગ ટ્રસ્ટી

પરમ પૂજ્ય પ્રાગદાસ બાપાની રામવાડી અન્નક્ષેત્ર ટ્રસ્ટ, ગિરનાર રોડ, જુનાગઢ.

શ્રી પ્રાગદાસબાપા ગોદડીયાની રામમઢી ગામ : જુનામાંકા, તા.હારીજ, જી. પાટણ.

- પરમ પૂજ્ય પ્રાગદાસ બાપાની રામવાડી અન્નક્ષેત્ર ટ્રસ્ટને કરેલ દાનની રકમના ૫૦% રકમને ઈન્કમટેક્ષ એક્ટની કલમ ૮૦(જી) (૫) હેઠળ કરમુક્તિને પાત્ર છે.
- કોરોના મહામારી અંગે સરકારશ્રીની ગાઈડ લાઈન અને સૂચનાનું પાલન કરવા સાથે ગુરૂપૂજન, આરતી કરવામાં આવશે જેથી પૂજ્ય ગુરૂજનોના આશિર્વાદથી ગુજરાત, ભારત અને રાષ્ટ્રોની જનતા કોરોનાથી મુક્ત થઈ જાય એવી પરમાત્મા અને ગુરૂજનોને પ્રાર્થના કરવામાં આવશે.

તા.ક. :- આવો આ પ્રસંગે આજે આપણે સૌ પોતાના માતા-પિતા, વડીલો અને ગુરૂજનોને યાદ કરીને એક વૃક્ષ વાવવાનો અને ઉછેરવાનો સંકલ્પ કરીએ.

WESTERN SEEDS Since 1983

-: સૌજન્ય :-
વેસ્ટર્ન એગ્રી સીડ્સ લીમીટેડ, ગાંધીનગર.